# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશના ઐતિહાસિક ભ્રામરામ્બા મલ્લિકાર્જૂન સ્વામી વરલા દેવસ્થાનમાં પૂજા-અર્ચનાથી પ્રવાસનો પ્રારંભ કર્યો
2. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને એક મહાન વ્યક્તિ અને ભારતને એક અદ્ભુત દેશ ગણાવ્યા
3. વર્તમાન અમેરિકી વહીવટીતંત્રે ભારત સાથે ઊર્જા સહયોગને વધુ ગાઢ બનાવવામાં રસ દાખવ્યો
4. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આતંકવાદ, આર્થિક અસ્થિરતા અને આબોહવા પરિવર્તન દ્વારા ઉભા થયેલા પડકારોનો સામનો કરવા તમામ રાષ્ટ્રોને સહયોગ વધારવા ભાર મૂક્યો
5. આવતીકાલે ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ થશે
6. ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં, આજે વિશાખાપટ્ટનમમાં ઓસ્ટ્રેલિયા બાંગ્લાદેશ સામે ટકરાશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PM ANDHRA PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશના પ્રવાસ દરમિયાન શ્રીશૈલમ્-માં આવેલા ઐતિહાસિક ભ્રામરામ્બા મલ્લિકાર્જૂન સ્વામી વરલા દેવસ્થાનમાં પૂજા-અર્ચના કરી. ત્યારબાદ શ્રી મોદી કુરનીલમાં અંદાજે 13 હજાર 430 કરોડ રૂપિયાની વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ કરશે. આજે સવારે આંધ્રપ્રદેશ આવેલા પ્રધાનમંત્રીનું મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલ એસ. અબ્દુલ નઝીર અને રાજ્યમંત્રી નારા લોકેશ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિયોજનાઓ ઉદ્યોગ, વીજળી, માર્ગ, રેલવે, સંરક્ષણ ઉત્પાદન અને પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક ગેસ સાથે જોડાયેલી છે. શ્રી મોદી આ પ્રસંગે એક જનસભા પણ સંબોધશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TRUMP- INDIA

**અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને એક મહાન વ્યક્તિ અને ભારતને એક અદ્ભુત દેશ ગણાવ્યા છે. શ્રી ટ્રમ્પે કહ્યું કે,**

તેઓ મલેશિયામાં આગામી આસિયાન સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળવા માંગે છે.

વ્હાઇટ હાઉસ ખાતે એક પત્રકાર પરિષદ દરમિયાન, શ્રી ટ્રમ્પે કહ્યું કે અમેરિકાના ભારત સાથે ખૂબ સારા સંબંધો છે અને તે એક અદ્ભુત દેશ છે. શ્રી ટ્રમ્પના આ નિવેદનો એવા સમયે આવ્યુ છે જ્યારે ભારતની વેપાર વાટાઘાટ ટીમ યુએસ અધિકારીઓ સાથે આગામી રાઉન્ડની વાટાઘાટો માટે વોશિંગ્ટનમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MEA - IND OIL IMPORT

વર્તમાન અમેરિકી વહીવટીતંત્રે ભારત સાથે ઊર્જા સહયોગને વધુ ગાઢ બનાવવામાં રસ દાખવ્યો છે અને તે અંગે હજુ પણ ચર્ચાઓ ચાલુ છે. દેશના ઊર્જા સ્રોત અંગે પ્રશ્નોના જવાબ આપતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા, રણધીર જયસ્વાલે જણાવ્યું કે, ભારત ઘણા વર્ષોથી તેની ઊર્જા ખરીદીને વિસ્તૃત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. છેલ્લા દાયકાથી ભારત, સતત પ્રગતિ કરી રહ્યું છે.

તેમણે કહ્યું, દેશની તેલ આયાત નીતિઓ સંપૂર્ણપણે અસ્થિર ઊર્જા પરિસ્થિતિમાં ભારતીય ગ્રાહકના હિતોનું રક્ષણ કરવાના ઉદ્દેશથી સંચાલિત છે. તેમણે કહ્યું કે સ્થિર ઊર્જા ભાવ અને સુરક્ષિત પુરવઠો સુનિશ્ચિત કરવો એ દેશની ઊર્જા નીતિના બેવડા ધ્યેય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHAH - RAISING DAY NSG

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ **NSG** સ્થાપના દિવસ પર તેના જવાનોને શુભેચ્છા પાઠવી છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી શાહે શુભેચ્છા પાઠવી અને કહ્યું કે, **NSG** એ અતૂટ બહાદુરી અને બલિદાનથી રાષ્ટ્રનું રક્ષણ કરીને લડાઇ શ્રેષ્ઠતામાં સુવર્ણ ધોરણ સ્થાપિત કર્યું છે. તેમણે દેશ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા પૂર્ણ કરતી વખતે સર્વોચ્ચ બલિદાન આપનારા શહીદોને પણ સલામ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## REV. JAISHANKAR-UNTCC

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આતંકવાદ, આર્થિક અસ્થિરતા અને આબોહવા પરિવર્તન દ્વારા ઉભા થયેલા પડકારોનો સામનો કરવા દેશો વચ્ચે સહયોગ વધારવા પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, આ પડકારો એકબીજા સાથે જોડાયેલા છે, અને તે રાષ્ટ્રીય સરહદોને પાર કરે છે. તેમણે આંતરરાષ્ટ્રીય રાજકારણના સ્પર્ધાત્મક પાસાઓથી આગળ વધીને વધુ સહકારી અભિગમ પર ભાર મૂક્યો. શ્રી જયશંકરે

નવી દિલ્હીમાં સંયુક્ત રાષ્ટ્રના સૈનિકો ફાળો આપનારા દેશોના વડાઓના સંમેલનને સંબોધતા આ મુજબ જણાવ્યુ.

ડૉ. જયશંકરે કહ્યું, ભારતે સતત તમામ સમાજ અને લોકો માટે ન્યાય, ગૌરવ, તક અને સમૃદ્ધિની હાકલ કરી છે. તેમણે કહ્યું કે, દેશ શાંતિ જાળવણીને સભ્યતાના સિદ્ધાંત તરીકે જુએ છે અને વિશ્વને એક પરિવાર તરીકે જુએ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR ELECTION CANDIDATES DECLAIRED

બિહાર વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ૧૮ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે. આ સાથે, પાર્ટીએ એનડીએમાં બેઠક વહેંચણી વ્યવસ્થાના ભાગ રૂપે ભાજપને મળેલી તમામ ૧૦૧ બેઠકો માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી છે. સાંભળીએ એક અહેવાલ.....

**(વોઇસ કાસ્ટ – ધર્મેન્દ્ર રાય)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR ELECTION-JD(U) LIST

JD(U) એ આજે બિહાર વિધાનસભા ચૂંટણી 2025 માટે 44 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. પાર્ટીએ બીજી યાદીમાં તેના ઘણા ઉમેદવારોને ફરીથી નામાંકિત કર્યા છે. નીતિશ કુમાર સરકારના કેબિનેટ મંત્રીઓ લેશી સિંહ, જયંત રાજ, સુમિત કુમાર સિંહ અને શીલા મંડલને વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવાર તરીકે પુનરાવર્તિત કરવામાં આવ્યા છે.

ઉપરાંત ભૂતપૂર્વ સાંસદ દુલાલ ચંદ્ર ગોસ્વામી, મહાબલી સિંહ અને બુલો મંડલને પણ આ વખતે તક મળી છે. મહાબલી સિંહ કરકટ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. તો ગોપાલપુર વિધાનસભા બેઠક પરથી અનેક વખત ધારાસભ્ય રહી ચૂકેલા ગોપાલ મંડલ આ વખતે ટિકિટ મેળવવામાં નિષ્ફળ ગયા.

JD(U) ના શિવહર સાંસદ લવલી આનંદના પુત્ર ચેતન આનંદ ઔરંગાબાદની નબીનગર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. ચેતન શિવહરના વર્તમાન ધારાસભ્ય છે પરંતુ આ વખતે તેમને નબીનગર ખસેડવામાં આવ્યા છે. અન્ય અગ્રણી નામોમાં, બિહાર વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર સ્વર્ગસ્થ સદાનંદ સિંહના પુત્ર શુભાનંદ મુકેશ કહલગાંવ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## BIHAR ELECTION DIGITAL VAUCHERS

ચૂંટણી પંચે દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયો પર મફત બ્રોડકાસ્ટ- ટેલિકાસ્ટ સમય માટે રાષ્ટ્રીય અને રાજ્ય પક્ષોને ડિજિટલ વાઉચર્સ ફાળવ્યા છે. ભારતના ચૂંટણી પંચે બિહાર વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ, **2025** માટે માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય અને રાજ્ય રાજકીય પક્ષોને દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયો **(AIR)** પર બ્રોડકાસ્ટ/ટેલિકાસ્ટ સમય ફાળવવા માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, **1951**ની કલમ **39A** હેઠળ સૂચનાઓ જારી કરી છે.

બિહાર વિધાનસભા ચૂંટણીઓ માટે, તમામ રાષ્ટ્રીય અને રાજ્ય રાજકીય પક્ષોને IT પ્લેટફોર્મ દ્વારા ડિજિટલ સમય વાઉચર્સ ફાળવવામાં આવ્યા છે. બ્રોડકાસ્ટ/ટેલિકાસ્ટનો સમયગાળો દરેક તબક્કામાં ચૂંટણી લડતા ઉમેદવારોની યાદીના પ્રકાશનની તારીખ અને બિહારમાં મતદાનની તારીખના બે દિવસ પહેલા વચ્ચે નક્કી કરવામાં આવશે. વાસ્તવિક પ્રસાર-પ્રસારણ પક્ષોના અધિકૃત પ્રતિનિધિઓ અને બિહારના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયના અધિકારીઓની હાજરીમાં લોટરી દ્વારા અગાઉથી નક્કી કરવામાં આવશે.

આ યોજના હેઠળ, દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયો બંને પર 45 મિનિટના મૂળભૂત સમયગાળા માટે મફત બ્રોડકાસ્ટ/ટેલિકાસ્ટ સુવિધાઓ ફાળવવામાં આવે છે, જે રાજ્યમાં પ્રાદેશિક નેટવર્ક પર દરેક પક્ષને સમાન રીતે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GUJARAT CABINET RESHUFFLING

ગુજરાતની ભૂપેન્દ્ર પટેલની સરકારના મંત્રીમંડળનું આવતીકાલે વિસ્તરણ થશે. પદનામિત મંત્રીઓની શપથ વિધિ આવતીકાલે સવારે સાડા અગિયાર વાગે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રાજ્ય મંત્રીમંડળના આ વિસ્તરણમાં સમાવિષ્ટ થનારા પદનામિત મંત્રીઓને હોદ્દા અને ગોપનીયતાના શપથ લેવડાવશે. શપથવિધિ બાદ સાંજે નવા મંત્રીમંડળની બેઠક યોજાવાની પણ શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ICC WOMEN'S WORLD CUP

ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં, આજે ઓસ્ટ્રેલિયા વિશાખાપટ્ટનમમાં બાંગ્લાદેશ સામે ટકરાશે. મેચ બપોરે 3 વાગ્યે શરૂ થશે.

જ્યારે ગઈકાલે કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલી પાકિસ્તાન અને ઇંગ્લેન્ડ વચ્ચેની મેચ વરસાદને કારણે રદ થઇ હતી.. બંને ટીમોને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યો. પાકિસ્તાન માટે આ એક મોટો ફટકો હતો કારણ કે તેઓ ટુર્નામેન્ટમાં હજુ સુધી એક પણ મેચ જીતી શક્યા નથી. વરસાદના કારણે પ્રથમ ઇનિંગમાં વિક્ષેપ પડ્યો, મેચ ઘટાડીને 31 ઓવર કરવામાં આવી. ઇંગ્લેન્ડે 9 વિકેટે 133 રન બનાવ્યા અને ડકવર્થ-લુઇસ-સ્ટર્ન (DLS) પદ્ધતિ હેઠળ, પાકિસ્તાનને 113 રનનો લક્ષ્યાંક મળ્યો. જેના જવાબમાં પાકિસ્તાને સાત ઓવરમાં કોઈ નુકસાન વિના 34 રન બનાવ્યા અને પછી વરસાદ પડ્યો હતો. સતત વરસાદને કારણે આખરે મેચ રદ કરવામાં આવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UP DIVYA DIWALI MELA

ઉત્તર પ્રદેશ સરકાર આજથી ઘણા જિલ્લાઓમાં દિવ્ય દિવાળી મેળાનું આયોજન કરી રહી છે જેમાં દિવ્યાંગો દ્વારા તૈયાર કરાયેલી ઉત્તમ હસ્તકલા અને અન્ય વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવશે. સાંભળીએ એક અહેવાલ ....

વોઇસ કાસ્ટ – સુશીલ તિવારી

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAIPUR- RAILWAY STATION

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે સરકાર દ્વારા રેલવે ક્ષેત્રમાં પરીવર્તન લાવવા માટે અનેક પહેલ કરવામાં આવી છે, જેમાં મુસાફરોની સુવિધાઓ વધારવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. શ્રી વૈષ્ણવે આજે જયપુરના ખાટીપુરા રેલવે સ્ટેશન પર મુસાફરોને અપાતી વિવિધ સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે, મંત્રીશ્રીએ એસી કોચમાં મુસાફરી કરતા મુસાફરો માટે પ્રિન્ટ વાળા બ્લેંકેટ કવર લોન્ચ કર્યા હતા. રેલ્વે મંત્રીશ્રી વૈષ્ણવએ કહ્યું કે, રેલવે દ્વારા એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે. મુસાફરોમાં ધાબળાની સ્વચ્છતા અંગે શંકા ઉભી થઈ છે અને આ મુદ્દાને ઉકેલવા માટે, રેલવેએ

તાત્કાલિક ધોરણે ધાબળા માટે કવરની વ્યવસ્થા કૃ છે. તેમણે કહ્યું કે, એકવાર આ પ્રયોગ સફળ થશે, પછી તેને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે.